# ટેકનીકલ ભરતી બોર્ડ, ગાંધીનગર

## કોમ્પ્યુટર પ્રોફિસીયન્સી ટેસ્ટ માટેના કોલલેટર ડાઉનલોડ કરવા માટેની અગત્યની જાહેરાત

ટેકનીકલ ભરતી બોર્ડ દ્વારા વિવિધ તાંત્રિક સંવર્ગોની સીધી ભરતી માટેની પ્રસિદ્ધ કરવામાં આવેલ જાહેરાત ક્રમાંકઃ (૧) TRB/202122/1-પોલીસ સબ ઈન્સ્પેકટર (વાયરલેસ) (૨) TRB/202122/2-ટેકનિકલ ઓપરેટર (૩) TRB/202122/3-પોલીસ સબ ઈન્સ્પેકટર (મોટર ટ્રાન્સપોર્ટ) વર્ગ-૩ સંવર્ગોની પ્રથમ તબક્કાની સ્પર્ધાત્મક લેખિત કસોટી તા. ૨૭/૦૨/૨૦૨૨ ના રોજ યોજાયેલ. જે પ્રથમ તબક્કાની સ્પર્ધાત્મક લેખિત પરીક્ષાને અંતે બીજા તબક્કાની કોમ્પ્યુટર પ્રોફિસીયન્સી ટેસ્ટ માટે લાયક (ક્વોલીફાય) ઠરેલ ઉમેદવારોની યાદી તથા અભ્યાસક્રમ અને અગત્યની સુચના તા.૨૨/૦૪/૨૦૨૨ ના રોજ ઓજસની વેબસાઈટ પર પ્રસિદ્ધ કરવામાં આવેલ છે. જે અન્વયે બીજા તબક્કાની કોમ્પ્યુટર પ્રોફિસીયન્સી ટેસ્ટ તા.૧૬/૦૫/૨૦૨૨ થી ૧૮/૦૫/૨૦૨૨ સુધી ન્યુ વિદ્યાભવન, પોલીસ અકાદમી, કરાઈ, તા.જી.ગાંધીનગર ખાતે આયોજન કરવામાં આવેલ છે. જે ઉક્ત દરેક સંવર્ગની પરીક્ષા માટેના કોલ-લેટર ડાઉનલોડ કરવા માટેનો કાર્યક્રમ નીચે દર્શાવ્યા પ્રમાણેનો બોર્ડ દ્વારા નક્કી કરવામાં આવેલ છે. જેની સંબંધિત ઉમેદવારોએ જરૂરી નોંધ લેવી.

**અનિવાર્ય કારણોસર બોર્ડ આ કાર્યક્રમમાં ફેરફાર કરી શકશે.**

| અ. નં. | જાહેરાત ક્રમાંક/ સંવર્ગનું નામ | પરીક્ષાની તારીખ /સમય | કોલ-લેટર ડાઉનલોડ કરવા માટેની તારીખ-સમયની વિગત |
|---|---|---|---|
| ૧ | TRB/202122/1<br>પોલીસ સબ ઈન્સ્પેકટર (વાયરલેસ) | ૧૬/૦૫/૨૦૨૨<br>૧૦-૩૦ થી ૧૧-૪૫<br>૧૪-૦૦ થી ૧૫-૧૫ | ૦૨/૦૫/૨૦૨૨, બપોરે ૧૪-૦૦ કલાક થી<br>૧૬/૦૫/૨૦૨૨, બપોરે ૧૪-૦૦ કલાક સુધી |
| ૨ | TRB/202122/2<br>ટેકનિકલ ઓપરેટર | ૧૭/૦૫/૨૦૨૨ અને<br>૧૮/૦૫/૨૦૨૨<br>૧૦-૩૦ થી ૧૧-૩૦<br>૧૪-૦૦ થી ૧૫-૦૦ | ૦૨/૦૫/૨૦૨૨, બપોરે ૧૪-૦૦ કલાક થી<br>૧૮/૦૫/૨૦૨૨, બપોરે ૧૪-૦૦ કલાક સુધી |
| ૩ | TRB/202122/3<br>પોલીસ સબ ઈન્સ્પેકટર (મોટર ટ્રાન્સપોર્ટ) | ૧૬/૦૫/૨૦૨૨<br>૧૪-૦૦ થી ૧૫-૧૫ | ૦૨/૦૫/૨૦૨૨, બપોરે ૧૪-૦૦ કલાક થી<br>૧૬/૦૫/૨૦૨૨ બપોરે ૧૪-૦૦ કલાક સુધી |

ઉમેદવારોએ કોમ્પ્યુટર પ્રોફિસીયન્સી ટેસ્ટ માટેના કોલ-લેટર તથા સાથેની જરૂરી સુચનાઓ સહીત ઉપર દર્શાવેલ નિયત તારીખ સમયગાળા કલાક સુધીમાં ઓજસ ની વેબસાઈટ https://ojas.gujarat.gov.in પરથી અચૂક (ON LINE) ડાઉનલોડ કરી તેની પ્રિન્ટ કાઢી લેવાની રહેશે.

પ્રવેશપત્ર "ON LINE" ડાઉનલોડ કરવા માટે ઉમેદવારોએ પ્રથમ કોમ્પ્યુટરમાં (૧) "https://ojas.gujarat.gov.in" વેબસાઇટ પર જવું.(૨) બીજા તબક્કાની કોમ્પ્યુટર પ્રોફિસીયન્સી ટેસ્ટ માટેના ઉમેદવારોએ " Call Letter " પર "Click" કરવું. (૩) ત્યાર બાદ "Secondary/ Main Exam Call Letter" પર "Click" કરીને Select job ના બોક્ષમાંથી આપ જે જાહેરાતનો કોલલેટર ડાઉનલોડ કરવા માંગતા હોય તે જાહેરાત Select કરીને નિયત બોકસમાં "Confirmation Number" તથા "Birth Date" ટાઇપ કરીને OK પર Click કરવાથી અલગ Window માં આપનો Call letter (પ્રવેશપત્ર ) સ્ક્રીન પર દેખાશે. જે Call Latter તથા તે સાથેની સુચનાઓની પ્રિન્ટ મેળવી લેવાની રહેશે. ( કોલ લેટર નવી વિન્ડોમાં ખોલવા માટે Pop up Blocker On કરવું જરૂરી છે. )

ઉમેદવારોએ ડાઉનલોડ કરેલ કોલ-લેટર તથા સુચનાઓની વિગતો કે જે કોમ્પ્યુટર પ્રોફિસીયન્સી ટેસ્ટ માટે ખૂબ જ ઉપયોગી હોઇ તે અચૂક વાંચી જવી. ઓનલાઈન કોલ લેટર ડાઉનલોડ કરવા સંદર્ભે કોઈ માર્ગદર્શનની આવશ્યકતા જણાય તો તે માટે બોર્ડના કચેરી સમય દરમિયાન ફોન નંબર:- ૦૭૯-૨૩૨૫૯૯૬૩ પર સંપર્ક કરી શકાશે.

ઉમેદવારોએ ઉપર મુજબની સુચનાઓ ઉપરાંત કોવિડ-૧૯ અન્વયેની નીચે મુજબની સૂચનાઓ પણ ધ્યાને લેવાની રહેશે.

(૧) દરેક પરીક્ષાર્થીઓએ મોં પર માસ્ક ફરજીયાત પહેરવાનું રહેશે. તેમજ સોશીયલ ડીસ્ટસ્ટીંગ જાળવવાનું રહેશે.
(૨) તમામ પરીક્ષાર્થીઓ પીવાના પાણીની બોટલ જાતે જ સાથે લાવવી હિતાવહ છે.
(૩) પરીક્ષા સ્થળ તેમજ કેમ્પસમાં પરીક્ષાર્થી સીવાય તેઓના સગા સંબંધીઓને પ્રવેશ આપવામાં આવશે નહીં.
(૪) કોવીડ-૧૯ અંતર્ગત કેન્દ્ર/રાજ્ય સરકારશ્રી દ્વારા વખતો વખત બહાર પાડવામાં આવેલ સૂચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

( રાજુ ભાર્ગવ )
અધ્યક્ષ, ટેકનીકલ ભરતી બોર્ડ
અને અધિક પોલીસ મહાનિદેશક
તકનિકી સેવાઓ અને એસ.સી.આર.બી.
ગુજરાત રાજ્ય,ગાંધીનગર.

સ્થળ:- ગાંધીનગર
તા. ૦૨/૦૫/૨૦૨૨